વિસનગર કેસની ક્લોઝિંગ પુરસીસ કોર્ટે જાહેર કરી

મહેસાણા જિલ્લામાં વિસનગર ખાતે પાટીદાર અનામત આંદોલનના પ્રથમ કેસમાં આજે તમામ આરોપીઓ હાજર રહેવા ગયા હતા અને કોર્ટ દ્વારા હાલમાં તમામ સાક્ષીઓની તપાસ પણ કરી લીધી છે જયારે આ કેસમાં બે કે ત્રણ મુદત બાદ જજમેન્ટ આવશે તેવી શક્યતા છે જ્યારે વધુ સુનવણી ૨૩ મે પર મુલતવી રાખવામાં આવી છે જ્યારે આજે હાર્દિક પટેલ પોતાના કાફલા સાથે આવ્યો હતો જયારે આ મુદતમાં સામાજિક કામ હોવાથી લાલજી પટેલ મોપેડમાં સવાર થઈને આવ્યા હતા. જે ભારે અચરજ ભર્યું હતું જ્યારે લાલજી પટેલ અને હાર્દિક પટેલ કોર્ટ બહાર પ્રથમવાર ચાની ચૂસકી પણ લીધી હતી.

મહેસાણા અનામત આંદોલનનું હબ રહેવા ગયું છે જેમાં ઉજી જન રેલીમાં વિસનગર ધારાસભ્યને આવેદન આપવા પહોચેલા ટોળાએ કાર્યલય ઓફિસમાં તોડફોડ સહિત એક કારને આગ ચાપવા સહિત ટાયર બાળવાના મામલે કુલ ૧૭ આરોપીઓની સામે ફરિયાદ દાખલ થવા ગઈ છે. હાર્દિક પટેલ અને લાલજી પટેલ સહિત ૧૭ આરોપીઓ આજે કોર્ટમાં હાજર રહયા હતા. જયારે આ સમગ્ર મામલે આઈ.ઓ. સહિત સાક્ષી અને ધારાસભ્યની કોર્ટમાં જુબાની લેવાઈ ગઈ છે જયારે આજે પી.આઈ.ના નિવેદન બાદ વધુ સુનવણી ૨૩ મેના રોજ ફરીવાર રાખવામાં આવી છે. જેમાં તમામ આરોપીઓને હાજર રહેવા કોર્ટે હુકમ પણ કરેલો છે. આ કેસના આઈ.ઓ.ની કોર્ટમાં જુબાની લેવાઈ ગઈ હોવાથી ફરિયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થવા ગયો છે જેના કારણે ક્લોઝિંગ પુરસીસ કોર્ટે જાહેર કરી છે. આ બાદ એક પણ પુરાવા ફરિયાદ પક્ષ દ્વારા રાજુ કરવામાં નહી આવે અને તપાસ પણ નહી કરવામાં આવે અને આવતી મુદ્દતથી તમામ આરોપીઓના નિવેદન લેવાશે અને ત્યારબાદ જજમેન્ટ આવે તેવી શક્યતા છે જે જોતા આ કેશ ટૂંક સમયમાં નિર્ણય આવી જશે જેની જાણ થતાની સાથે જ હાર્દિક પટેલ અને લાલજી પટેલ કોર્ટ કમ્પાઉન્ડમાં જ ચાની ચુશ્કી લેતા જોવા મળ્યા હતા. જ્યારે હાર્દિક પોતાના કારના કાફલા સાથે આવ્યો હતો તો લાલજી પટેલ આ વખતે કાર વિના મોપેડમાં જ સવાર થઈને આવ્યા હતા. જ્યારે હાર્દિક પટેલ દ્વારા સરકારે અત્યાર સુધીમાં પાટીદાર અનામત અંદોલન દમન મામલે પતંગ જ ચગાવ્યા છે તેમ રમુજ કરી હતી અને કહ્યું હતું કે સરકાર હાલમાં તપાસ આટલી મોડી સરું કરીને શું સાબિત કરવા માગે છે તેખ્યાલ આવતો નથી સાથે સરદાર પટેલના જન્મ સ્થળ મામલે કરમસદ આજે સાંજે પહોંચીને યોગ્ય ન્યાયની માંગ કરીશું તેમ જણાવ્યું હતું.

થરા ખાતે કિશાન કલ્યાણ મહોત્સવ યોજાયો

કાંકરેજ તાલુકાના થરા માર્કેટયાર્ડ ખાતે ગ્રામ સ્વરાજ અભિયાન ૨૦૧૮ અંતર્ગત થરા માર્કેટયાર્ડ ખાતે કિશાન કલ્યાણ મહોત્સવ કાંકરેજ તાલુકાના ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલાના વરદ હસ્તે ખુલ્લો મુકાયો હતો. ગુજરાત સરકાર દ્વારા કૃષિ માર્ગદર્શન સાથે બમણી ઉપજ મેળવવા તેમજ ખેડૂતોને માર્ગદર્શન કરવાના ઉદ્દેશ્ય સાથે આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. દિપ પ્રગટાવી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવેલ. આ પ્રસંગે ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કિશાનલક્ષી યોજનાઓ બનાવી છે. આજે ૧૮ હજાર ગામડાનુ વિજળીકરણ કરવાનું કાર્ય પૂર્ણ કર્યુ છે. ગામે ગામ તળાવો ઊંડા કરીને જળ સંચય દ્વારા પાણીનો સંગ્રહ કરવા માટે પગલા લીધા છે. માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલે આ પ્રસંગે જણાવેલ કે ગામો ગામો કૃષી વિકાસની તકો તજજ્ઞો ફરી ફરીને ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવે છે. આ માર્ગદર્શન થકી કાંકરેજના ઈસુભા વોલાએ દાડમ જ્યારે નરેશજી ઠાકોર દ્વારા ઓર્ગેનીક જામફળનું વાવેતર કરી નામના મેળવી છે.

મોડાસામાં ફૂડ એન્ડ ડ્રગ ત્રાટક્યું અખાદ્ય કેરીના જથ્થો નાશ કર્યો

મોડાસા શહેરમાં ફૂડ એન્ડ ડ્રગ ખાતાના કર્મચારીઓએ જાણે આળસ ખંખેરી હોય તેમ બુધવારે કેરીઓ વેંચતા ફેરિયાઓ પર કાર્યવાહી હાથ ધરી અખાદ્ય કેરીનો જથ્થો ઝડપી પડી નાશ કરવામાં આવતા અખાદ્ય અને કાર્બાઈડથી પકવેલ કેરીઓ વેંચતા વેપારીઓ અને ફેરિયાઓમાં ફફડાટ ફેલાયો હતો.

કલોલની પરિણીતાને પ્રાંતિજના સાસરીયાવાળા ત્રાસ આપતાં પરિણીતાએ ગળે ફાંસો ખાધો

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાનાં રેલ્વે સ્ટેશન વિસ્તારમાં રહેતી કલોલની પરિણીતાએ તેના પતિ સાસુ સસરા જેઠ-જેઠાણી દિયરના શારીરીક માનસિક ત્રાસ તથા મારઝુડ કરતાં પરિણીતાએ ગળે ફાંસો ખાઈ જીવન ટુકાવતા ફરીયાદીની માતા દ્વારા આઠ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરીયાદ થઈ.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ ફરીયાદી લીલાબેન હરગોવનભાઈ ચુનીલાલ લુહારીયા ઉ.વર્ષ-૫૦ રહે. બળીયા ફાટક પાસે, શ્રધ્ધાનગર કલોલ, જિ.ગાંધીનગર મરી જનાર પોતાની દિકરીને તેના સાસરીયાવાળા જેમા તેનો પતિ તથા સાસુ સસરા તથા જેઠ-જેઠાણી દિયર દ્વારા ફરીયાદીની દિકરી મરણ જનાર આરોપી નં-૧ કે જે તેનો પ્રતિ થાય છે તેને કામ ધંધા બાબતે ટકોર કરતાં આરોપીનું ઉપરાણું લઈને અવાર-નવાર મારઝુડ કરી શારીરીક માનસિક ત્રાસ આપી જાતે મરવા સુધીનુ દુષ્પેરણ કરતાં મરણજનાર તેના ઘરે ગળે ફાંસો ખાઈ મરણ જતાં આ નં-૧થી ૮ નાઓએ મરણજનારનુ પી.એમ. નહી થવા દઈ લાશની અંતિમવિધિ કરી પુરાવાનો નાશ કરી દેતા તથા ફરીયાદીને સામે ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતાં ફરીયાદી દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ૧થી ૮ વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી જેમાં (૧) યોગેશભાઈ મોહનભાઈ લુહાર, (૨) મોહનભાઈ જેસીંગભાઈ લુહાર, (૩) સીતાબેન મોહનભાઈ લુહાર, (૪) કમલેશભાઈ મોહનભાઈ લુહાર, (૫) ભાવેશભાઈ મોહનભાઈ લુહાર, (૬) હરેશભાઈ ઠાકરીભાઈ લુહાર, નંબર-૧થી ૬ રહે. લુહારવાસ રેલ્વે સ્ટેશન રોડ પ્રાંતિજ (૭) નગીનભાઈ પુરૂષોત્તમભાઈ લુહાર રહે. ડેમાઈ, તા. બાયડ, (૮) ભીખાભાઈ નરસિંહભાઈ લુહાર રહે. બીબીપુરા રામોલ અમદાવાદ તો પ્રાંતિજ પોલીસે લીલાબેન હરગોવનભાઈ લુહારીયાની ફરીયાદના ઈ.પી.કો .ક.૪૯૮ (ક) ૩૦૬, ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪, ૨૦૧ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

નરોડાની જૈન ડેરીના કેશિયરે ૧.૧૨ કરોડની ઉચાપત

શહેરના નરોડા જીઆઈડીસીમાં આવેલી ડેરી પ્રોડક્ટ બનાવતી ફેકટરીમાં ફરજ બજાવતાં એક કેશીયર દ્વારા જ ડેરીમાંથી રૂ.૧.૧૨ કરોડની ઉચાપત કરી રફુચક્કર થઈ જતાં સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. નરોડાની જૈન ડેરીના મેનેજર દ્વારા આ સમગ્ર બનાવ અંગે નરોડા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસ તપાસમાં એવી ચોંકાવનારી વાત સામે આવી હતી કે, એક મહિનામાં ડેરી પ્રોડક્ટનું વેચાણ કરીને આવેલા રૂ. ઉપકરોડમાંથી આરોપી કેશીયર રૂ.૧.૧૨ કરોડ બહુ સિફતતાપૂર્વક કાઢી લઈ ઉચાપત કરી હતી અને પછી રજા પર ઉતરી ગયો હતો. બાદમાં ડેરીના હિસાબોની તપાસ કરાતાં તેમાં ગોટાળાનો ખુલાસો થયો હતો. નાના ચિલોડા શાંતિનગર સોસાયટી ખાતે રહેતા અને નરોડા જીઆઈડીસીમાં જૈન ડેરીમાં કેશીયર તરીકે ફરજ બજાવતાં વિજય બચુલાલ પાલ જૈન ડેરીના પ્રોડક્ટમાં જે કોઈ આવક થતી હતી, તે તમામ એકાઉન્ટ ડિપાર્ટમેન્ટમાં જમા કરાવવાની જવાબદારી નિભાવતા હતા. ગત તા.૨૦-૧-૨૦૧૮ના રોજ વિજય પાલ નોકરીમાં નહી આવતાં જૈન ડેરીના કર્મચારીઓએ તેને ફોન કરી પૃચ્છા કરાઈ હતી, જેમાં કેશીયરે જવાબ આપ્યો હતો કે, તેના ઉત્તરપ્રદેશમાં રહેતા એક સંબંધીનું મરણ થયુ હોવાથી તે વતન આવ્યા છે.

થરાદ ખાતે કિસાન કલ્યાણ મહોત્સવ યોજાયો

પાલનપુર, તા. ૨

ગ્રામ સ્વરાજ અભિયાનની ઉજવણી અંતર્ગત થરાદ માર્કેટયાર્ડ ખાતે કેન્દ્રીય ખાણ, ખનીજ અને કોલસા વિભાગના રાજયમંત્રી હરિભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને કિસાન કલ્યાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કેન્દ્રીયમંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા તા. ૧૪ એપ્રિલ-૨૦૧૮ ડાં. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિથી ગ્રામ સ્વરાજય અભિયાનની શરૂઆત કરવામાં આવી છે અને તા. ૫ મે-૨૦૧૮ સુધી આ અભિયાનની ઉજવણી કરવામાં આવશે. આ સમય દરમ્યાન અધિકારીઓ અને પદાધિકારીઓ લાભાર્થીઓના ઘેર ઘેર જઈ સરકારશ્રીની યોજનાના લાભો આપી રહ્યા છે. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ દેશમાં ૮ કરોડ પરિવારોને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે અને બનાસકાંઠા જિલ્લામાં ૧,૩૩,૦૦૦ પરિવારોને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે. જેનાથી મહિલાઓના સ્વાસ્થ્યને ફાયદો થયો છે. મંત્રીએ કહ્યું કે ભૂતકાળમાં ગુજરાતમાં વાળુના ટાળે વીજળીના ફાંફા હતા. આ સરકારે સમગ્ર રાજયમાં ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજ પુરવઠો પુરો પાડી અંધારા ઉલેચવાનું કામ કર્યુ છે. તેમણે કહ્યું કે યુરીયા ખાતરની કાયમી તંગી નિવારવા ખાતરને નીમકોટેડ કરવામાં આવ્યું છે. જેથી ખેડુતોને હવે પુરતા પ્રમાણમાં ખાતર મળી રહે છે.

કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વાત માની ડ્રીપ ઈરીગેશન પધ્ધતિથી ખેતી કરવાનું શરૂ કરતા તેના ખુબ સારા પરિણામ મળ્યા છે. ડ્રીપ ઈરીગેશન પધ્ધતિથી ખેતી કરવામાં બનાસકાંઠા જિલ્લો સમગ્ર દેશમાં પ્રથમ નંબરે છે.

તેમણે કહ્યું કે ભૂતકાળમાં બનાસકાંઠા જિલ્લામાં એરંડા, રાયડો, ઘઉં વગેરેની ચીલાચાલુ ખેતી થતી હતી પરંતુ કૃષિ મહોત્સવ અભિયાનના લીધે ખેતીમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. આ જિલ્લાના ખેડુતો આજે દાડમ, પપૈયા, શક્કરટેટી અને ખજુરના પાક લઈ નિકાસ કરતા થયા છે. તેમણે જણાવ્યું કે દૂધ ઉત્પાદનમાં પણ બનાસ ડેરી સમગ્ર એશિયામાં નંબર વન છે. મંત્રીએ કહ્યું કે ખેતીની જમીનનું સોઈલ હેલ્થ કાર્ડ કઢાવી વૈજ્ઞાનિકો માર્ગદર્શન પ્રમાણે ખેતી કરવાથી સારુ ઉત્પાદન મેળવી શકાય છે. તેમણે કહ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ-૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું અભિયાન આદર્યુ છે.

હિમતનગરથી વિજાપુર માર્ગ પર બુધવારે સવારના સમય હિંમતનગરના મંગલમૂર્તિ ફાયનાન્સના માલિક પરેશ દેસાઈ સવારે વિજાપુર નજીક મહાકાલી મંદિરે દર્શન કરી પરત ફરતા સમયે દેરોલ ગામ નજીક અચાનક તેમની કારમાં આગ લાગી ગઈ હતી જે બહાર નીકળી નહિ શકતા જોત જોતામાં આગમાં કાર લપેટાઈ ગઈ હતી અને તેમાં પરેશ દેસાઈ ભડથું થઈ ગયા હતા.

ખેડબ્રહ્મામાં અનાજની બોરી ચોરી કરતો ગઠીયો ઝડપાયો

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં આવેલી દુકાન આગળ મુકેલ ઘઉંની બોરી ચોરી કરી જતો ચોર ઝડપાઈ જતા પોલીસ હવાલે કરી ફરિયાદ નોંધાઈ. ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર ખેડબ્રહ્માના રહીશ મહેતા ચેતનકુમાર હસમુખલાલ માર્કેટયાર્ડમાં જય ટ્રેડર્સ નામની અનાજની દુકાન ધરાવે છે. હાલ અનાજની આવક ચાલુ હોય ચેતનભાઈએ ઘઉંના કટ્ટા પોતાની દુકાન બહાર મુકેલ હોઈ ૨ મે ના રોજ વહેલી સવારે ભક્તિનગરમાં રહેતા સુમિતકુમાર જયેશભાઈ શાહ દુકાન બહાર મુકેલ ઘઉંના જથ્થામાંથી ૭૨૦ કિલો અંદાજે કિંમત ૧૦૮૦૦ના એ.પી.એમ.સી.ના કોટ બહાર નાખી રહ્યા હતા. ત્યારે ત્યાંથી પસાર થતા મજૂરનું ધ્યાન જતા તેને બીજા લોકોને બોલાવતા તેને પકડી પોલીસ હવાલે કરી દેવામાં આવ્યો હતો. જે અંગે ચેતનભાઈએ સુમિતભાઈ શાહ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ખડાયતા સમાજનું ગૌરવ

ડેમાઈના વતની અને ખડાયતા સમાજના અગ્રણી યુવા કાર્યકર પિયુષભાઈ સી. શાહની શ્રીનાથજી ખડાયતા ભવનના નવા નિયુક્ત હોદ્દેદારોમાં નાની વયે મંત્રી તરીકે નિમણૂંક થતાં તેમણે અરવલ્લી મોદી સમાજનું ગૌરવ વધારેલ છે.

માલપુર ખાતે હરિઓમ વિધાલયના આચાર્યનો વિદાય સમારંભ યોજાયો

માલપુર, તા. ૨

સરકારી ધારા ધોરણ મુજબ નિવૃત થતા આચાર્ય પ્રવીણચંદ્ર પંડયાનો પી.જી. મહેતા હાઈસ્કૂલ માલપુર ખાતે વિદાય સમારભ યોજાયો હતો. જે પ્રસંગે જિલ્લા મહામંત્રી પી.જે. પટેલના અધ્યક્ષસ્થાને તેમજ માલપુર તાલુકા આચાર્ય સંઘના પ્રમુખ તેમજ તમામ હોદેદારોની ઉપસ્થિતિમા હરિઓમ વિધાલયના આચાર્ય પ્રવીણભાઈ પંડયા નિવૃત થતા તેઓનો સન્માન વિદાય સમારંભ યોજાયો. જે પ્રસંગે આચાર્ય પ્રવીણભાઈ પંડયાએ પોતાના શિક્ષણ જગતના રોચક પ્રસંગોને યાદ કર્યા હતા તેમજ સમગ્ર આચાર્ય સંઘનો આભાર માન્યો હતો.



મોડાસાની ઉત્સવવેલી સોસાયટીમાં ધાડપાડુઓ ત્રાટક્યા

મોડાસા શહેરના મેઘરજ બાયપાસ રોડ પર આવેલી ઉત્સવવેલી સોસાયટીમાં રહેતા ભાવેશભાઈ પ્રજાપતિ તેમના ભિલોડાના રીંટોડા ગામે સામાજિક પ્રસંગે સોમવારે મકાન બંધ કરી જતા તસ્કરો તેમના મકાનમાં રાત્રીએ ત્રાટકી મકાનના દરવાજાનો નકુચો તોડી ઘરમાં તિજોરીમાં રહેલ રોકડા રૂપિયા સહીત અન્ય ચીજવસ્તુઓ મળી અંદાજે ૪૦ હજાર રૂપિયાથી વધુના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ચોરીની ઘટનાને અંજામ આપવા માટે સાથે રાખેલ ત્રિકમ અને લોંખડની કૉસ મકાનમાં ભૂલી જઈ ફરાર થઈ ગયા હતા.

રિવરફ્રન્ટ પર બ્રીજ બનાવવાનું મેટ્રો ટ્રેનનું કપરું કાર્ય અંતે શરૂ

અમદાવાદ,તા. ૨

છેલ્લા ઘણા સમયથી જેની રાહ જોવાતી હતી તે, સાબરમતી રિવરફ્રન્ટ પર બ્રિજ બનાવવાના મેટ્રો ટ્રેન પ્રોજેક્ટનું સૌથી ચેલેન્જિંગ એટલે કે, પડકારજનક કપરૂં કામ આખરે શરૂ થઈ ગયું છે.

રાઈફલ કલબ પાછળ છેલ્લા થોડા દિવસોથી આ પ્રોજેકટના કામ માટે વિશાળ ક્રેનો અને જંગી મશીનો અહીં ખડકી દેવામાં આવ્યા છે. નિષ્ણાત ઈજનેરો સહિતના અધિકારીના માર્ગદર્શન હેઠળ આ પ્રોજેકટનું કાર્ય ઝડપથી અને શકય એટલું વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. આ રૂટ પર રાઈફલ ક્લબ નજીકથી મેટ્રો ટ્રેન શાહપુર તરફ અંડરગ્રાઉન્ડ કોરિડોરમાં એન્ટ્રી કરશે અને છેક કાલુપુર સુધી અંડરગ્રાઉન્ડ રૂટ પર ચાલશે. આ પ્રોજેકટની કામગીરી માટે આગામી દિવસોમાં સમગ્ર રૂટની ટનલ ખોદવા માટે મોટું મશીન અહીં લાવવામાં આવશે, જે શાહપુરથી કાલુપુર વચ્ચેની ટનલ બનાવવાનું કામ કરશે. મેટ્રોની કામગીરી સાથે સંકળાયેલા સીનિયર અધિકારીના જણાવ્યા અનુસાર, ડેડલાઈન નજીક આવી રહી છે ત્યારે કામ ઝડપથી પૂરૂં કરવાનું ખૂબ જ દબાણ છે, પરંતુ અમે સ્ટ્રક્ચરલ સેફ્ટી સાથે કોઈ સમાધાન નહીં કરીએ. મેટ્રો રેલ પ્રોજેક્ટના પહેલા ભાગમાં ૪.૩૮ કિલોમીટર લાંબી ટનલ બનાવવા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે, જે બે સ્ટેશનોને કનેક્ટ કરશે. સાબરમતી નદી પર બ્રીજ અને શાહપુરથી કાલુપુર વચ્ચેની ટનલ બનાવવાનું કામ સાથે જ શરૂ થશે.

ચિંતાજનક

● અનુસંધાન પહેલાનું ચાલુ

ડિસેમ્બરમાં ટ્રક પર ચાર્જ લાગુ કરવા અને પ્રદુષણ નિયંત્રણ માટે કેટલાક પગલા લેવામાં આવ્યા હોવા છતાં પ્રદુષણના સ્તરમાં ઘટાડો થઈ રહ્યો નથી. વર્ષ ૨૦૧૦ના રિપોર્ટ મુજબ દિલ્હી સૌથી પ્રદુષિત શહેરમાં હતુ. ત્યારબાદ પાકિસ્તાનના શહેર પેશાવર અને રાવલપિંડી હતા. આ વખતે દુનિયાના ૧૦ સૌથી પ્રદુષિત શહેરોમાં ભારતના અન્ય શહેરોમાં માત્ર આગરાનો સમાવેશ કરાયો હતો. વર્ષ ૨૦૧૧માં રિપોર્ટ જારી કરવામાં આવ્યો ત્યારે સ્થિતી બદલાઈ ગઈ હતી. વર્ષ ૨૦૧૨માં સ્થિતી બદલાઈ જવાની શરૂઆત થઈ હતી. દુનિયાના ૨૦ સૌથી વધારે પ્રદુષિત શહેરોમાં એકલા ભારતના ૧૪ શહેરો હતા. વર્ષ ૨૦૧૩, અને વર્ષ ૨૦૧૪ તેમજ વર્ષ ૨૦૧૫મા પણ દુનિયાના સૌથી વધારે પ્રદુષિત ૨૦ શહેરોમાં ભારતના ચારથી સાત શહેરો હતા. પરંતુ હવે બુધવારના દિવસે એટલે કે આજે જારી કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દુનિયાના સૌથી વધારે પ્રદુષિત ૧૫ શહેરોમાં ભારતના ૧૪ શહેરો સામેલ છે. દિલ્હીને લઈને નિષ્ણાંતો પણ સમજી શકતા નથી કે આખરે ક્યા કારણસર વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૬માં પ્રદુષણમાં વધારો થયો છે.

લીલીઝંડી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને ટ્રોમા સેન્ટરના નિર્માણ તથા સાધન સામગ્રીની ખરીદી તથા નવી સુવિધાઓના વિકાસની કામગીરી હાથ ધરવામાં આવે છે. સરકાર તરફથી જારી કરવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, નવા એમ્સના નિર્માણથી ૩૦૦૦થી વધુ લોકોને રોજગારી મળશે. કેન્દ્રીય મંત્રીમંડળે નવી દિલ્હીના નજફગઢમાં ૧૦૦ બેડની સામાન્ય હોસ્પિટલના નિર્માણને પણ મંજુરી આપી હતી. આના પર ૯૫ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. કેબિનેટ બેઠકમાં કારોબારી વિવાદના વહેલીતકે નિરાકરણ માટે કાયદામાં સુધારાને પણ મંજુરી આપવામાં આવી હતી. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં ભારતના રેંકિંગમાં વધારે સુધારો લાવવાના હેતુસર આ પગલું લેવામાં આવ્યું છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ ઈન્ડેક્સ વર્લ્ડબેંક દ્વારા જારી કરવામાં આવે છે. મિટિંગમાં દેશના ચાર એરપોર્ટને અપગ્રેડ કરવા ઉપર પણ સહમતિ થઈ છે જેમાં લખનૌ, ચેન્નાઈ અને ગુવાહાટી વિમાની મથક સામેલ છે. લખનૌમાં ૮૮૦૦૦ સ્કવેર મીટરમાં વધુ એક ટર્મિનલ બનાવવામાં આવશે. સ્થાનિક અને ઈન્ટરનેશનલ ટ્રાફિકને હેન્ડલ કરવામાં સરળતા રહેશે. ગુવાહાટી એરપોર્ટ ઉપર પણ નવા ટર્મિનલને મંજુરી આપવામાં આવી છે. મંત્રીમંડળે કૃષિ ક્ષેત્રમાં હરીત ક્રાંતિ યોજનાને જારી રાખવાની મંજુરી આપી છે. ૧૧ યોજનાઓને હરીત ક્રાંતિ ઉન્નતિ યોજના હેઠળ લાવવામાં આવી છે. આ યોજના માટે ૩૩૨૭૩ કરોડ રૂપિયા નક્કી કરાયા છે. કેબિનેટ બેઠકમાં પેટ્રોલિયમ એન્ડ સેફ્ટી ઓર્ગેનાઈઝેશનના ટેકનિક કેડર હેઠળ ગ્રુપ-એ સેવાની રચના અને કેડર સમીક્ષાને પણ મંજુરી અપાઈ છે.

સ્કુલી બસ પર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવાસ પર કેટલાક વણઓળકાયેલા લોકોએ પેટ્રોલ બોંબ ઝીંક્યા હતા. પથ્થરબાજીમાં ઘાયલ થયેલા એક વિદ્યાર્થીના પિતાએ કહ્યું હતું કે, તેમનો પુત્ર પથ્થરબાજીની ઘટનામાં ઘાયલ થયો છે. આ બનાવ માનવતાની વિરુદ્ધમાં છે. કોઈપણ માસુમ બાળકની સાથે આવું બની શકે છે. બીજી બાજુ જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ આ ઘટનાની ઝાટકણી કાઢી છે અને કહ્યું છે, બાળકો ઉપર હુમલો કરનારને યોગ્ય સજા થવી જોઈએ. ટ્વિટ કરીને ઉંમરે કહ્યું છે કે, બાળકો અને પ્રવાસીઓ ઉપર પથ્થરમારો કરીને આ પથ્થરબાજોના એજન્ડાને કઈરીતે પૂર્ણ કરી શકાય છે. આ પ્રકારના હુમલાઓની વ્યાપક ટિકા થવી જોઈએ. બીજી બાજુ જમ્મુ કાશ્મીર પોલીસના મહાનિદેશક એસપી વૈદ્યએ કહ્યું છે કે, પથ્થરબાજોએ રેઈમ્બો સ્કુલની બસ ઉપર પથ્થરમારો કર્યો હતો જેમાં બીજા ધોરણમાં ભણતા માસુમ બાળકોને ઈજા થઈ હતી. ઘાયલ થયેલાઓમાં રેહાન નામના એક બાળકનો સમાવેશ થાય છે. પથ્થરબાજો બાળકોને નિશાન બનાવી રહ્યા છે. તે આઘાતજનક ઘટના છે. બીજી બાજુ પથ્થરબાજો સામે શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. સોપિયાના એસએસપીનું કહેવું છે કે, તમામને ટૂંક સમયમાં જ પકડી લેવામાં આવશે.

પાણીના જોડાણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરાઓ સમગ્ર દેશમાં સૌથી વધુ માથાદિઠ પાણી વાપરતા હોવાનો પણ અંદાજ છે. ત્યારે શહેરમાં પાણી ગટર વેરો ભરપાઈ કરવાના મામલે પણ ઉદાસીનતા સેવાઈ રહી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. શહેરમાં એક અંદાજ મુજબ ૨૬ હજાર કરતા પણ વધુ પાણી ગટરના જોડાણકર્તાઓ છે. જયારે છેલ્લા કેટલાક સમયથી પાણીના ગેરકાયદેસર જોડાણ વધી રહયા હોવાની ફરિયાદો પણ વધી છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા આ તત્વો સામે કડક હાથ દંડનીય કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાયો છે. પાટનગર યોજના વિભાગના પેટા વિભાગ નં-૧૮ના નાયબ કાર્યપાલક ઈજનેરે આ અંગે જણાંવ્યા મુજબ શહેરમાં રહેણાંક કે વાણિજ્ય હેતુ માટે લીધેલા પીવાના પાણીના જોડાણમાં હેતુફેર અથવા ગેરકાયદેસર જોડાણ લીધુ હોય તેવા કિસ્સામાં બિન કાયદેસર પાણી મેળવવાની પ્રક્રીયા અંગે તંત્રને જાણ થશે તો જોડાણ બંધ કરી દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જયારે લીકેજ હોય તેવા કીસ્સામાં પણ ત્વરિત સમારકામ હાથ ધરવા માટે પણ તંત્રએ તાકીદ કરી છે.

વાવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે. જેના માટે તંત્ર દ્વારા શહેરના વનઆરક્ષિત વિસ્તારમાં ખાલી જગ્યાએ ૨૦ હજાર જેટલા ખાડાઓ પણ ખોદી દેવામાં આવ્યા છે. આગામી ચોમાસા દરમિયાન આ ઠેકાણે નવા રોપાઓની વાવણી કરવામાં આવશે આ ઉપરાંત સે-૮ માં પણ ચોમાસા પુર્વે રોપાઓની એડવાન્સ વાવણી કરી દેવામાં આવી છે. વનતંત્ર દ્વારા શહેરી વિસ્તારમાં હાલ વૃક્ષોના ટ્રીમીગ તેમજ સુકા વૃક્ષો દુર કરવાનુ કામ પણ ચાલી રહયુ છે. જયારે વનતંત્ર દ્વારા પીંડારડા ગામમાં એક નવતર પ્રયોગ હાથ ધરવામાં આવશે. ગામમાં વનતંત્રને ફાળવવામાં આવેલી ૬૮૦ હેકટર જગ્યામાં જળસંચય યોજના અન્વયે ૨૫ માટીપાળા અને ૫૦ જળકુંડ બનાવવામાં આવશે. આ ઉપરાંત આ ઠેકાણે વિવિધ ૨૦ હજાર પ્રકારના રોપાઓની વાવણી કરવામાં આવશે. જેમાં ગુજરાતના વિવિધ પ્રદેશમાં ઉછેરવામાં આવતા રોપાઓની વાવણી કરવાનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. વનતંત્રને આ જગ્યા એક વર્ષ અગાઉ ફાળવવામાં આવી હતી. જયારે જિલ્લામાં પ્રથમવાર એક જ ઠેકાણે ૧૪૯ પ્રકારના રોપાઓની વાવણી કરવાનુ આયોજન પણ તંત્ર દ્વારા કરવામાં આવ્યુ હોવાનુ જણાંવાયુ છે.